(૧) <u>રજીસ્ટ્રેશન</u>

નવા નોંધણી નંબરની અરજી સાથે રજુ કરવાના થતા પુરાવાઓની વિગતો ચકાસણી દરમ્યાન ખોટી જણાયતો નોંધણી નંબરની અરજી દફતરે કરવામાં આવે છે. નોંધણી નંબર ઇશ્યુ કર્યા બાદ આધારભૂત સ્ત્રોતમાં થી અથવા અન્ય રીતે એવી માહિતી મળે કે વેપારી એ રજુ કરેલ પુરાવાઓ યોગ્ય ન હતા અથવા વેપરી બીલીંગ પ્રવૃતિમાં સંડોવાયેલ છે તો નોંધણી નંબર આપ્યા તારીખથી રદ કરવામાં આવે છે. તથા આવા વેપારી વિરુધ્ધ ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) <u>પત્રકઃ-</u>

વેપારીએ રજુ કરેલ પત્રકોમાં ખોટી વિગતો રજુ કરેલ છે તેવુ ધ્યાન ઉપર આવે તો આવા વેપારી વિરુધ્ધ ગુ.મુ.વર્ધિતવેરા અધિનિયમની ક.-૩૪(૭) મુજબ દંડકીય કાર્યવાહી હાથ ધરી શકાય છે.

(૩) <u>અન્વેષણઃ-</u>

જો કોઇ નોંધાવેલ વેપારી કરચોરી કરતા જણાય અથવા કરચોરી માં સંડોવાયેલ હોવાનું જણાય તો આવા વેપારીના કિસ્સામાં ક-૬૭ અન્વયે કાર્યવાહી હાથ ધરી આવા વેપારી પાસેથી વેરો, વ્યાજ તથા દંડ સહિત વસુલ કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) <u>અન્યઃ-</u>

જો કોઇ વ્યાક્તિ જાણી બુજીને ખોટા હિસાબો રજૂ કરે અથવા ભરવા પાત્ર થતો વેરો ટાળવા માટે જાણી બુજીને પ્રયત્ન કરે તો ક-૮૫ ની જાગવાઇ મુજબ કેદ તથા દંડની શિક્ષાને પાત્ર થશે.